# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


**ક્રમાંક :બીકેએનએમયુ/સામાન્ય વિભાગ/૯૫૩ /૨૦૨૫** **તા : ૦૬/૧૧/૨૦૨૫**

વિષય: રાષ્ટ્ર ગીત "વંદેમાતરમ્ @૧૫૦ની ઉજવણીના આયોજન બાબત
સંદર્ભ: સામાન્ય વહિવટ વિભાગ,ગાંધીનગરના તા.૦૬/૧૧/૨૦૨૫ના પરીપત્ર ક્રમાંક:ઓફટી/૧૦૨૦૨૧/૫૭૭/ઘ

**પરીપત્ર:–**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગોના વડાઓને જણાવવામાં આવે છે કે, સંદર્ભ પરીપત્ર અનુસાર રાષ્ટ્રગીતના તા.૦૭મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ ૧૫૦ વર્ષ પૂર્ણ થયેથી રાષ્ટ્ર ગીતના સન્માનમાં "વદે માતરમ્" રાષ્ટ્રગીતનું સામૂહિક ગાન તથા સ્વદેશીના શપથ લેવા અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હોય, આ કાર્યક્રમમાં તમામ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહે તે માટે યોગ્ય આયોજન થવા વિનંતી કરવામાં આવે છે. તા.૦૭મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ યુનિવર્સિટી કાર્યાલયનો સમય સવારના ૦૯:૩૦ થી સાંજે ૦૫:૧૦ સુધીનો રહેશે.જેની સબંધિત સર્વે નોંધ લેવી.

તારીખ: ૦૭મી નવેમ્બર, ૨૦૨૫ શુક્રવાર

સમય: સવારે ૦૯:૩૦ કલાકે

સ્થળ: "બી" બિલ્ડીગ, યુનિવર્સિટી કેમ્પસ

**બિડાણ :–**

સંદર્ભ પરીપત્ર

**કુલસચિવ**

**પ્રતિ,**
૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ,
૨) યુનિવર્સિટીના તમામ વિભાગોના વડાઓ

**નકલ સાદર રવાના :–**
માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:–**
૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,
૨) અનુસ્નાતક કેન્દ્રના વડાશ્રીઓ
૩) સીસ્ટમ મેનેજરશ્રી, આઈ.ટી. સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)


:રકારી પોલીટેકનીક કેમ્પસ,
:ક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
:ડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
:ોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || registrar@bknmu.edu.in

**રાષ્ટ્ર ગીત "વંદેમાતરમ્ @ ૧૫૦ ની ઉજવણીના આયોજન બાબત**

ગુજરાત સરકાર
સામાન્ય વહિવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:- ઓફટી/૧૦૨૦૨૧/૫૭૭/ઘ
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: ૦૬-૧૧-૨૦૨૫.

**પરિપત્ર:-**

સને ૧૮૭૫ માં રાષ્ટ્રીય સ્વતંત્રતા ચળવળ દરમિયાન રાષ્ટ્ર ગીત "વંદે માતરમ"ના માધ્યમ દ્વારા રાષ્ટ્ર ચેતના અને માતૃભૂમિ માટેના ગર્વની એકસૂત્રતાના સંદેશ થકી સમગ્ર ચળવળ એકતાંતણે બંધાઇ હતી. જેના તા.૭મી નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ૧૫૦ વર્ષ પૂર્ણ થયેથી રાષ્ટ્ર ગીતના સન્માનમાં વિવિધ કાર્યક્રમની ઉજવણી કરવાનું નિર્ધારિત થયેલ છે.

સદર ઉજવણી માટે માન.મુખ્યમંત્રીશ્રી ની ઉપસ્થિતિમાં સચિવાલય, વિધાનસભા પરિસર ખાતે તેમજ પ્રભારીમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લાના મુખ્ય મથક ખાતે, જિલ્લા પંચાયત પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત ખાતે તથા મેયરશ્રીની ઉપસ્થિતિમાં મહાનગપાલિકાઓ ખાતે, જિલ્લા પોલીસ વડાશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસ વડાની કચેરી તથા નગરપાલિકા પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં તમામ નગરપાલિકાઓ ખાતે રાષ્ટ્ર ગીત "વંદે માતરમ્"ના મૂળ સ્વરૂપનું સમુહગાન કરવામાં આવે તથા સ્વદેશીની શપથ લેવામાં આવે તે મુજબની વ્યવસ્થા કરવાની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

- તા.૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ રાજ્યની તમામ સરકારી કચેરીઓનો સમય સવારના ૧૦:૩૦ થી સાંજે ૦૬:૧૦ વાગ્યાને બદલે સવારના ૯:૩૦ થી સાંજે ૦૫:૧૦ સુધીનો કરવાનો રહેશે.
- આ દિવસે સવારે ૯:૩૦ વાગ્યે તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓએ હાજર રહી 'વંદે માતરમ્' રાષ્ટ્રગીતનું સામૂહિક ગાન કરવાનું રહેશે.
- રાષ્ટ્રગીતનું સામૂહિક ગાન બાદ સ્વદેશીની શપથ લેવાની રહેશે. (શપથની નકલ આ સાથે સામેલ રાખેલ છે)
- આ પરિપત્રનો અમલ તમામ વિભાગો, વિભાગો હસ્તકની ખાતાના વડાની કચેરીઓ તેમજ જિલ્લા કક્ષાની કચેરીઓ તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં તત્કાળ અમલમાં મૂકવાનો રહેશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( જ્વલંત ત્રિવેદી )
અધિક સચિવ (પ્રોટોકોલ)
સામાન્ય વહિવટ વિભાગ,
ગુજરાત સરકાર.

**નકલ રવાના પ્રતિ,**

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી / માન. ઉપાધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રી / માન. રા.ક. મંત્રીશ્રી (સ્વતંત્ર્ય હવાલો) / માન. રા.ક. મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- માન. મુખ્ય દંડકશ્રી / માન. નાયબ દંડકશ્રી / માન. દંડકશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ, ગાંધીનગર.
- કમિશનરશ્રી, માહિતી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, લોકાયુકતશ્રીની કચેરી, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ. જે.એમ.ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, સિવિલ સર્વિસ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર-
- આપના વિભાગ હેઠળના ખાતાના વડાઓ / કચેરીના વડાઓને ચુસ્તપણે અમલ કરાવવા જરૂરી સૂચના આપવાની વિનંતી સહ.
- પોલીસ મહાનિદેશકશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ડૉ. જે.એમ.ભવન, ગાંધીનગર- આ અંગેની જરુરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સર્વે કલેકટરશ્રી
- સર્વે પોલીસ કમિશનરશ્રી / સર્વે પોલીસ અધિક્ષકશ્રી
- સિલેકટ ફાઇલ.

# સ્વદેશી શપથ

હું, ભારતમાતાની સેવા અને સન્માન માટે આ સંકલ્પ લઉં છું કે, મારા રોજિંદા જીવનમાં વધુમાં વધુ ભારતીય વસ્તુઓનો ઉપયોગ કરીશ અને આયાતી વસ્તુઓને બદલે વૈકલ્પિક એવી સ્વદેશી વસ્તુઓને જ અપનાવીશ. ઘર, કાર્યસ્થળ અને સમાજમાં ભારતીય વસ્તુઓને પ્રાથમિકતા આપીશ. ગામ, ખેડૂત તથા કારીગરોનું સમર્થન કરી સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપીશ. યુવાનો અને બાળકોને સ્વદેશી અપનાવવા માટે પ્રેરણા આપીને નવી પેઢી સુધી તેનું મહત્વ પહોંચાડવા પ્રયાસરત રહીશ. પારિવારિક અને સામાજિક જીવનમાં ભારતીય ભાષાઓનો પ્રયોગ કરીશ. પર્યાવરણ પ્રત્યે સજાગ રહીને સ્વદેશી અને પ્રકૃતિને અનુકૂળ તેવા ઉત્પાદનોનો ઉપયોગ કરીશ અને દેશનાં પર્યટન સ્થળોને પ્રાથમિકતા આપીશ.